## ગાંધીનગર મને ગમે છે...



**રજનીકાન્ત સુથાર**
**(નિવૃત્ત અધિકારી)**
**પ્રમુખ**
**વિશ્વકર્મા ઓફિસર્સ ગૃપ, ગાંધીનગર**

૧૫ વર્ષથી વલસાડ ખાતે નહેરૂ યુવા કેન્દ્રના યુવા સંયોજક તરીકે ફરજ બજાવતો હતો અને ત્યાંના વરસાદી અને હરિયાળા વાતાવરણથી ખૂબજ ખુશ હતો. અચાનક ૨૦૦૧ના વર્ષમાં જુન માસે ગાંધીનગર ખાતે મારી બદલી થઈ. ગાંધીનગરમાં મારે નહેરૂ યુવા કેન્દ્ર-ગાંધીનગરના યુથ કો-ઓર્ડિનેટર તરીકે નવી ઓફીસની શરૂઆત કરવાની હતી. ગાંધીનગરમાં વિવિધ સંસ્થાના પ્રતિનિધિ તથા અધિકારીઓના સહયોગથી મારી કામગીરી સફળતાપૂર્વક કરી શક્યો. સળંગ ૨૧ વર્ષની નોકરી કરી નિવૃત્ત થઈ ગાંધીનગર સ્થાયી થઈ ગયો છું. ગાંધીગરના કલાપ્રેમી મિત્રોના સહયોગથી હું સફળતાપૂર્વક રાષ્ટ્રીય એકતાના કેમ્પો, કાશ્મીરી યુથ એક્સચેન્જ પ્રોગ્રામ, કોરીયન ડેલીગેશન, ચાઈનીઝ યુથ એક્સચેન્જ પ્રોગ્રામ, એક ભારત - શ્રેષ્ટ ભારત, ટ્રાયબલ યુથ એક્સચેન્જ પ્રોગ્રામ જેવા રાષ્ટ્રીય કાર્યક્રમો ગાંધીનગરમાં સફલતાપૂર્વક આયોજીત કરી શક્યો. સમગ્ર દેશ - વિદેશ, રાજ્યોના પ્રતિનિધિઓ ગાંધીનગરની વ્યવસ્થા - વાતાવરણથી ખૂબ જ ખુશ થઈ જતા હતા. ગાંધીનગરનું સુંદર, પ્રદૂષણ મુક્ત વાતાવરણ, પક્ષીઓના અવાજ, રસ્તાઓ, સ્વચ્છતા, વૃક્ષો અને ફુલોની હરિયાળી ભીડભાડથી મુક્ત શાંત વાતાવરણથી મુક્ત ગાંધીનગર કેમ ન ગમે? સૌને ગમે.


ભારતના તમામ રાજ્યોની રાજધાની કરતા શ્રેષ્ઠ રાજધાની જે ગાંધીનગર છે અને આ નગરને પૂ. મહાત્મા ગાંધીજીના નામથી જોડવામાં આવ્યું તે શ્રેષ્ઠ છે. ગાંધીનગર જેમાં દેશના તમામ ધર્મ, સંપ્રદાય તથા સમાજના લોકો વસે છે. રાષ્ટ્રીય એકતા તથા સદ્ભાવનાના વાતાવરણના નિર્માણ કરવાનું, એકતા, શાંતિ, સહકારની ભાવનાથી રહેવાનું મને સહયોગ કરવાનો તે ગાંધીનગરના ઉમદા સંસ્કાર છે. સૌને ગાંધીનગરમાં વસવાનું મન થાય. મોરભણી નગરી છે. તમામ ધર્મના મંદિરો, સમાજ ભવનો, ધર્મશાળા આવેલ છે અને ઉત્સવો ઉત્સાહભેર ઉજવે છે. ગાંધીનગરમાં કોર્પોરેશન થવાથી વિકાસને વેગ મળ્યો અને નવા નેતૃત્તવનો વિકાસ થયો.


આ નગરમાં તમામ ઉચ્ચ નેતાઓ, ઉચ્ચ અધિકારીઓ, કર્મચારીઓ, નિવૃત્ત અધિકારીઓ વગેરે પોતાનું જીવન વિતાવે છે અને વિવિધ સેવાઓમાં જોડાઈ સહકાર આપે છે. હવે ગાંધીનગર વિદ્યાનગરી બની ગઈ છે. રાષ્ટ્રીય કક્ષાની અનેક યુનિવર્સિટીઓ અસ્તિત્વમાં આવેલ છે. ગાંધીનગરની ઓળખ શાંત, હરિયાળા વૃક્ષોથી ભરપૂર, રંગબેરંગી ફુલોથી સુશોભિત, બાગ-બગીચાઓથી ભરપૂર જળવાઈ રહે તે જરૂરી છે. ગેરકાયદેસર ઠેર ઠેર વધતા દબાણો દૂર કરવાની જરૂર છે. ગાંધીનગરની કલા, સંસ્કૃતિ, સમાજ સેવા સંસ્થા પણ ઉત્તમ કાર્ય કરે છે. કલ્ચરલ ફોરમ, પનઘટ, જુસીકા, કચ્છ - સૌરાષ્ટ્ર મિત્ર મંડળ, શીવરંજની, કલાગુર્જરી, સંસ્કૃતિ, આત્મન ફાઉન્ડેશન જેવી અનેક સંસ્થાઓ કાર્યરત છે. જે ગાંધીનગરના સાંસ્કૃતિક, સામાજીક અને સેવાકીય પ્રવૃત્તિઝી ધબકતું રાખે છે. ગાંધીનગરની નાટ્ય તથા સાંસ્કૃતિક કલાકારોમાં રાજ્ય તેમજ રાષ્ટ્રીય કક્ષા સુધી સ્પર્ધામાં વિજેતા થયા છે અને દેશ-વિદેશમાં નામના મેળવેલ છે. જે ગૌરવ અપાવે છે.

ગાંધીનગર સમાચાર સમગ્ર ગાંધીનગરના નાગરિકોને ઉત્તમ વાંચન સાથે દેશ - વિદેશના સમાચારોથી માહિતગાર કરે છે. ઉપરાંત નાગરિકોમાં જાગૃતિ કેળવવાનું ઉત્તમ કાર્ય કરે છે જે બિરદાવવા યોગ્ય છે.

# ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનમાં ગરમીથી રક્ષણ મેળવવા અબોલ જીવો માટે વ્યવસ્થા કરાઈ

**પાણીનો છંટકાવ, ગ્રીન નેટ, એરકુલર, જાળી, ચટ્ટાઈ જેવી વ્યવસ્થાઓ કરી અબોલ જીવોને આ ઉનાળાની ગરમીથી રાહત મેળવવા માટે વ્યવસ્થાઓ કરાઈ છે**









ગાંધીનગર, તા. ૨

શહેરમાં અંગ દઝાડતી ગરમીથી શહેરીજનો ત્રાહિમામ પોકારી રહ્યા છે તેવામાં પ્રાણીઓ અને પક્ષીઓની શું હાલત થતી હશે ? કાળઝાળ ગરમીથી રાહત મેળવવા માટે પશુ-પંખીઓને પણ સહાયતાની જરૂર પડે છે. માણસો આ કાળઝાળ ગરમીમાં વિવિધ ઉપાયો કરીને ગરમીથી રાહત મેળવી શકે છે. જેમાં નિઃસહાય અબોલ જીવોની હાલત આ અસહ્ય ગરમીમાં કફોડી બની જાય છે. ત્યારે વાત કરીએ ગાંધીનગરમાં આવેલા પ્રાણી સંગ્રાહલયની જેમાં હજ્જારો અબોલ જીવો વસવાટ કરી રહ્યા છે અને ગરમીથી રાહત મળી રહે તે માટે ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન ખાતે દર વર્ષની જેમ આ વર્ષે પણ અબોલ જીવો માટે વ્યવસ્થાઓ કરી દેવામાં આવી છે. મળતી માહિતી મુજબ ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનમાં અબોલ જીવોને ગરમીથી બચાવવા માટે વાતાવરણમાં કૃત્રિમ ફેરફાર કરીને, પાણીનો છંટકાવ કરીને, પ્રાણીઓના ખોરાકમાં ફેરફાર કરીને, લીલી નેટની વ્યવસ્થાઓ કરીને તેમને ગરમીથી બચાવવાના ઉપાયો કરવામાં આવ્યા છે.

### ● પાણીનો છંટકાવ

ઉનાળામાં ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનમાં અબોલ જીવોને ગરમીથી રાહત મળી રહે તે માટે પાણીનો છંટકાવ કરવામાં આવી રહ્યો છે. તેથી પાણીના છંટકાવ દ્વારા જ્યાં અબોલ જીવો રહે છે તે વિસ્તામાં ઠંડક પ્રસરી જાય છે અને ગરમીથી રાહત મળી રહે છે.

### ● પીવાના પાણીની વ્યવસ્થા

ગરમીના કારણે અબોલ જીવોને પીવા માટે પાણી એવી જગ્યાએ મુકવામાં આવે છે જ્યાં કુદરતી છાંયડો મળી રહેતો હોય છે. ગરમીથી પાણી ગરમ થઈ જવાથી અબોલ જીવો તે પી શકતા નથી માટે આવી વ્યવસ્થા પણ કરવામાં આવી છે.

### ● ઠંડક આપવાના સાધનો

અસહ્ય ગરમીથી રાહત મેળવવા માટે પ્રાણીઓ માટે એરકૂલરની વ્યવસ્થા કરવામાં આવી છે. જેમાં ૭ થી ૮ જેટલા કૂલરો મુકવામાં આવ્યા છે. માંસાહારી પ્રાણીઓને સૌથી વધારે ગરમીનો અનુભવ થાય છે તેથી તેમના માટે એરકૂલરની વ્યવસ્થા કરવામાં આવી છે અને સ્પીંકલર્સની વ્યવસ્થા પણ કરી છે. ગરમીના કારણે લૂ થી બચવા માટે ખસની ચટ્ટાઈ અને ગ્રીન નેટ ગોઠવવામાં આવી છે. સાપ જેવા સરીસૃપો અને અન્ય પક્ષીઓ માટે પણ આ વ્યવસ્થાઓ કરવામાં આવી છે. જેથી દરેક અબોલ જીવ ગરમીથી રાહત મેળવી રહ્યા છે.

ઉનાળામાં જેમ પાણી વધુ પીવાય છે અને ખોરાક આરોગવાનું ઓછુ થઆય છે તે જ રીતે આ અબોલ જીવોમાં પણ ગરમીના કારણે ખોરાક લેવાનું ઓછુ પ્રમાણ રહે છે અને પાણી વધુ પીવાય છે. આમ ગાંધીનગરમાં અબોલ જીવો માટે પ્રકૃતિ ઉદ્યાન ખાતે જીવદયા દાખવી રહેલા માણસો દ્વારા ફોરેસ્ટ ગાર્ડ દ્વારા સુંદર રીતે અબોલ જીવોની કાળજી લેવાઈ રહી છે.

## એનએફએસયુ સાથે વેદાંતા લિમિટેડ દ્વારા સંશોધન, તાલીમ અને શૈક્ષણિક પ્રવૃત્તિઓ માટે સમજૂતી કરાર




ગાંધીનગર, તા. ૨

નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી (એનએફએસયુ) ગાંધીનગર સાથે વેદાંતા લિમિટેડ દ્વારા સંશોધન, તાલીમ અને શૈક્ષણિક, પ્રવૃત્તિઓ સંયુક્ત રીતે કરવા માટે સમજૂતી કરાર (એમઓયુ) કરવામાં આવ્યા હતા. નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી (એનએફએસયુ)ના કુલપતિ ડો. જે. એમ. વ્યાસની ઉપસ્થિતિમાં પ્રો. (ડૉ.) પૂર્વી પોખરીયાલ, કેમ્પસ ડાયરેક્ટર-એનએફએસયુ અને અવતાર સિંઘ, ચીફ ઑફ સિક્યુરિટી એન્ડ ઈન્ટેલિજન્સ, વેદાંતા લિમિટેડ, મુંબઈ દ્વારા સમજૂતી કરાર ઉપર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

પ્રો.(ડૉ.) પૂર્વી પોખરીયાલ, કેમ્પસ ડાયરેક્ટર, એનએફએસયુએ નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીની વિવિધ પ્રવૃત્તિઓ તથા શૈક્ષણિક, તાલીમ, સંશોધન અને કન્સલ્ટન્સી સહિતની ક્ષમતાઓ અંગેની માહિતી આપીને જણાવ્યું હતું કે આ સમજૂતી કરાર હેઠળ ફોરેન્સિક બાયોલોજી અને સિરોલોજી, ફોરેન્સિક કેમિસ્ટ્રી અને ટોક્સિકોલોજી, હોમલેન્ડ સિક્યોરિટી, પોલીસ એન્ડ સિક્યોરિટી સ્ટડીઝ, ક્વેશ્ચન્ડ ડોક્યુમેન્ટ્સ, ફિંગરપ્રિન્ટ એક્ઝામિનેશન સહિતના વિશિષ્ટ ક્ષેત્રોમાં શૈક્ષણિક અને સંશોધન પ્રવૃત્તિઓને પ્રોત્સાહન અપાશે. બંને સંસ્થાઓ સાથે મળીને પરિસંવાદ, કાર્યશાળા ઉપરાંત, ખાસ તાલીમ કાર્યક્રમોનું આયોજન પણ કરશે. એનએફએસયુ દ્વારા ડિસ્ટન્ટ લર્નિંગ કોર્સની સુવિધા પણ ઉપલબ્ધ કરાવાશે.

અવતાર સિંઘ, ચીફ ઑફ સિક્યુરિટી એન્ડ ઈન્ટેલિજન્સ, વેદાંતા લિમિટેડ, મુંબઈએ વિશ્વની સૌપ્રથમ અને એકમાત્ર ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટીની શૈક્ષણિક, તાલીમ, કન્સલ્ટન્સી સહિતની વિવિધ પ્રવૃત્તિઓની પ્રશંસા કરી હતી.

આ સમજૂતી કરાર દરમિયાન સી.ડી. જાડેજા, એક્ઝિક્યુટિવ રજિસ્ટ્રાર, એનએફએસયુ; ડૉ. ધર્મેશ સિલાજિયા, ડીન, સ્કૂલ ઓફ ફોરેન્સિક સાયન્સ; એરકોમોડોર કેદાર ઠાકર, ડીન, સ્કૂલ ઓફ પોલીસ સાયન્સ એન્ડ સિક્યુરિટી સ્ટડીઝ; ડૉ. સ્મિતા પાંડે, ડીન, સ્કૂલ ઓફ બિહેવિયરલ સાયન્સ; ડૉ. દિગ્વિજયસિંહ રાઠોડ, એસોસિયેટ ડીન, સ્કૂલ ઓફ સાયબર સિક્યુરિટી એન્ડ ડિજિટલ ફોરેન્સિક્સ; ડૉ.મલય શુક્લ, આસિસ્ટંટ પ્રોફેસર, એનએફએસયુ ઉપસ્થિત હતા.

## મહુન્દ્રા ગામમાં અનાથ દીકરીઓના સમુહલગ્ન હેતથી લગ્ન કરાવી સેવાકાર્યની સરવાણી પ્રસરાવી



ચિલોડા, તા. ૨

અખાત્રીજના શુભમુહૂર્તના પ્રારંભે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં છેલ્લા બે વર્ષના સમય દરમ્યાન બ્રેક વાગતાં ફેબ્રુઆરી માસમાં લગ્નોની મોસમ પુરબહાર ખીલી હતી. ત્યારબાદ અખાત્રીજના શુભ મુહૂર્તની ચાતક પક્ષીની જેમ રાહ જોતાં લગ્નવાચ્છુકોમાં તરવળાટ જોવા મળી રહ્યો છે. લગ્નનો માહોલ જોવા મળશે ત્યારે ઘણા યુગલો પ્રભુતામાં પગલાં માંડી રહ્યાં છે. ત્યારે ઘણી એવી દીકરીઓ જેમની આર્થિક સ્થિતિ તેમજ અનાથ હોવાને કારણે લગ્ન કરવા શક્ય બનતા નથી. ત્યારે સેવાભાવી અભિગમ ધરાવતા નાગરિકો આગળ આવતા હોય છે. દરેક સમાજના સમુહલગ્નોમાં સમાજની પ્રતિષ્ઠિત દાતાઓ દ્વારા ભેટ સોગાદો આપી દીકરીને દાન અર્પણ કરવા ગૌરવ અનુભવતા હોય છે અને અનાથ દીકરીઓના લગ્નનો સંપૂર્ણ ખર્ચ ઉપાડી ઋણ અદા કરતા હોય છે. ત્યારે આવુ સેવાયજ્ઞરૂપી કાર્ય ગાંધીનગર તાલુકાના મહુન્દ્રા ગામમાં લગ્નોઉત્સવ ઉજવવામાં આવ્યું હતું. ગામની ત્રણ અનાથ દીકરીઓના સમસ્ત સમાજ અને ગામના જ લોકોના સંયુક્ત સહયોગથી હેતભર્યો ધામધૂમથી લગ્ન કરાવવામાં આવ્યા હતા. આ ત્રણેય દીકરીઓના લગ્ન સમયે સમાજના અને ગામના જાગૃત લોકો તેમની પડખે ઉભા રહ્યા હતા. આ સમુહ લગ્નોત્સવમાં સમાજ અને ગામના લોકોએ યથાશક્તિ દાન કરી ઉત્તમ પહેલ કરી હતી. સમુહ લગ્નોત્સવના આયોજકે જણાવ્યું હુતં કે લગ્નોત્સવનો અંદાજિત છ લાખ રૂપિયા જેટલો ખર્ચ થયો હતો. જેમાં સર્વે સમાજનો ફાળો રહ્યો હતો. આ યાદગાર લગ્ન પ્રસંગે ભવ્ય રાસ-ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું તેમજ લોક સહયોગથી ત્રણેય દીકરીઓને કરિયાવરમાં આભુષણો અને ફર્નિચર જેવી વસ્તુઓ પણ ભેટરૂપે અર્પણ કરી ઋણ અદા કરવાનો અવસરને દિપાવ્યો હતો.

## શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા છાસનું વિતરણ



શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા શામળાજીથી પ્રાંતિજ કાર્યરત સીકસ લેનમાં મજુરી કામ કરનારને છાસના પાઉચનું વિતરણ કરવામાં આવ્યું હતું. ૧૩૦ લાભાર્થીઓને ૫૦૦ મિલિ છાસના પાઉચનું વિતરણ કરવામાં આવ્યું હતું. ઉનાળાની આ ભરપૂર ગરમીમાં સમિતિના મહેશસિંહ વાઘેલા, સુરેશ વસાવા તથા મિલિન્દભાઈએ ૧૮થી વધુ મજુરી કામની જગ્યા ઉપર આ સેવાકાર્ય કર્યુ હતું.



સર્વ વિધ્યાલય કેળવણી મંડળ દ્વારા સંચાલિત એસ. કે.પટેલ કે.જી. ઇંગ્લિશ મીડિયમ સ્કૂલમાં વેસ્ટ માંથી બેસ્ટ એવી પેન્સિલ સેવિંગ ની એક્ટિવિટી નો કાર્યક્રમ યોજયો હતો. જેમાં શિક્ષિકાઓએ બાળકોને ચાર્ટ પેપર પર પેન્સિલના છોલની મદદથી ટ્રી, સ્ટાર ફિશ, આઈસક્રીમ કપ, સનફ્લાવર, બટરફ્લાઈ વગેરેમાં પેન્સિલની છોલને પેસ્ટ કરીને આનં કર્યો હતો.

# ગરમીથી ત્રસ્ત સરકારી કર્મચારીઓની સચિવાલયને સેન્ટ્રલી એસી કરવા માંગ

**સચિવાલય સેક્શન અધિકારી એસોસિયેશન દ્વારા મુખ્યમંત્રીને પત્ર લખીને રજુઆત કરાઇ : ગરમીના કારણે કર્મચારીઓના સ્વાસ્થ્ય અને કામગીરી પર વિપરીત અસર પડતી હોવાના દાવા સાથે સેન્ટ્રલ એસી થશે તો ફર્નિચર રેકોર્ડ પણ સચવાશે તેવી દલીલ રજુ કરાઇ**

ગાંધીનગર, તા.૦૨

એક સમયે સમગ્ર એશિયા ખંડમાં ગ્રીનેસ્ટ કેપીટલ નું બિરૂદ ધરાવતું ગ્રીન સિટી ગાંધીનગર હવે પોતાના હરિયાળા શહેર તરીકેની ઓળખ ગુમાવી રહ્યું છે. હવે આ પાટનગર ગરમીના આંક બાબતે રાજ્યના અન્ય શહેરો સાથે જાણે સ્પર્ધામાં ઉતર્યું હોય તેમ તે રીતે દરવર્ષે તાપમાનનો પારો વધુને વધુ ઉચકતું રાજ્યના ગરમ શહેરોમાંનુ એક શહેર બની રહ્યું છે. અત્યારે વૈશાખ માસમાં જ્યારે સૂર્ય દેવતાએ આકાશમાંથી અગનજ્વાળા વરસાવી રહ્યા છે જેના પગલે સમાન્ય માનવી ત્રસ્ત છે ત્યારે ગાંધીનગરના સચિવાલયના કર્મચારીઓ પણ આ આકરી ગરમીથી પરેશાન થઈ ઉઠ્યા છે અને સરકાર સમક્ષ સમગ્ર સચિવાલય સંકુલને સેન્ટ્રલી એસી બનાવવા માટે માંગ કરી રહ્યાં છે.

ગાંધીનગરમાં આજે ધી ગુજરાત સચિવાલય સેક્શન અધિકારી એસોસિયેશન દ્વારા આજે મુખ્યમંત્રીને પત્ર લખીને સચિવાલય સંકુલને સંપૂર્ણ વાતાનુકૂલિત બનાવવા બાબતે માંગ કરવામાં આવી છે. એસોસિયેશન દ્વારા મુખ્યમંત્રીને લખવામાં આવેલા પત્રમાં જણાવાયું છે કે સચિવાલયના બ્લોક્સના બિલ્ડિંગ નવ માળ જેટલા ઊંચા હોવાથી ઉનાળા દરમ્યાન તમામ માળ પર સીધો તડકો આવે છે જેના કારણે સચિવાલય ખાતે ફરજ બજાવતા અધિકારી અને કર્મચારીઓ માટે આ પરિસ્થિતિમાં કામગીરી કરવી મુશ્કેલ બની રહી છે અને તેમના સ્વાસ્થ્ય અને કાર્યક્ષમતા પર પણ વિપરીત અસર પડી રહી છે. ગરમ આબોહવા ધરાવતા ગુજરાત વિકસિત રાજ્યમાં ઉનાળાની અસહ્ય ગરમીમાં રાહત મેળવવા એરકન્ડિશનરનો ઉપયોગ આજકાલ લકઝરી ન રહેતાં જરૂરિયાત બની ગયો હોવાનું જણાવતાં એસોસિયેશન દ્વારા સચિવાલયને સેન્ટ્રલી એસી કરવા અંગે દલીલ વ્યક્ત કરતા જણાવાયું છે કે વાતાનુકૂલિત ઑફિસમાં બારી બારણાં બંધ રહેવાને કારણે ધૂળ કે જીવજંતુઓ પ્રવેશતા નથી જેના કારણે ઑફીસમાં ફર્નીચરની રેકોર્ડની જાળવણી પણ સારી રીતે થઈ શકે છે તેમ જ ઓફિસના કોમ્પ્યુટર પ્રિન્ટર જે સાધનો ઓવરહિટીંગ અને ડસ્ટ જેવા કારણોસર ખરાબ થતા નથી તેથી તેની આવરદા પણ વધે છે. વળી એસીના અભાવે ઉનાળાની અસહ્ય ગરમીમાં કર્મચારીઓનું ડિહાઈડ્રેશન અસ્થમા બેચેની જેવા કારણોસર સ્વાસ્થ્ય બગડે છે. એસોસિયેશન દ્વારા તે પોતાની માંગના સમર્થનમાં દલીલ કરવામાં આવી છે કે હાલ ૫-૬ પંખા કે ૨-૩ એરકુલરની જરૂરિયાત રહે છે જેના ખર્ચની સામે એસીનો ખર્ચ લગભગ સરખો આવે છે તેથી આર્થિક ભારણ પણ પડશે નહીં અને સચિવાલયની ડિઝાઈન પણ સેન્ટ્રલી એસીને ધ્યાને રાખીને બનાવવામાં આવી છે તેથી સમગ્ર સચિવાલયને સંપૂર્ણપણે વાતાનુકૂલિત કરી દેવું જોઈએ.

## ૪૨/૮૪ કડવા પાટીદાર સમાજ સિનિયર સિટીઝન બર્થ ડે ગ્રુપ દ્વારા અનોખી જન્મ દિવસની ઉજવણી કરાઈ

ચિલોડા, તા. ૨

ગાંધીનગર સ્થિત ૪૨/૮૪ કડવા પાટીદાર સમાજ સિનિયર સિટીઝન સેલિબ્રેશન બર્થ ડે ગ્રુપ દ્વારા સિનિયર સિટીઝનોનો જન્મદિવસની ઉજવણીનું આયોજન દર માસે કરવામાં આવે છે. જે તે માસે આવતા જન્મદિવસની તિથિએ વડીલોનું વિશિષ્ટ શાલ ઓઢાડી સન્માનિત કરવાનો રૂડો અવસથી વડીલોમાં ઉત્સાહ-ઉમંગ અવિરતપણે વહેતો જોવા મળે છે. સૌ પ્રથમ ૧-૧૦-૨૦૨૧ ના રોજથી બર્થ ડે ગ્રુપ દ્વારા ઉજવણીનો શુભારંભ થયો હતો. ત્યારે ચંન્દ્રાલા સ્થિત બી.કે. ફાર્મમાં કુદરતના સાનિધ્યમાં સાતમો બર્થ ડે



ઉજવવાનો અવસર મળતાં આનંદવિભોર બન્યા હતાં. આ બર્થ ડે ગ્રુપમાં આજે સાત સિનિયર સિટીઝનોનો જન્મદિવસની ભારતીય સંસ્કૃતિ મુજબ ગૌરવપૂર્ણ ઉજવણી કરાઈ. ત્યારબાદ નમકીન ફેક્ટરીની મુલાકાત લઈ વડીલોએ મોજ માણી હતી. અગાઉ આ ગ્રુપ દ્વારા સૌરાષ્ટ્ર દર્શનનો મીની પ્રવાસ માણ્યો હતો.